કવિ, લોકનાટ્યકાર. જન્મસ્થળ : લખતર (જિ. સુરેન્દ્રનગર). પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ મુંબઈ, વઢવાણ અને ધ્રાંગધ્રામાં. મેટ્રિક અનુત્તીર્ણ. ૧૯૧૭માં મુંબઈમાં હાજી મહમ્મદ અલારખિયા સંપાદિત 'વીસમી સદી' માં નોકરી. એક વર્ષ સયાજીપુરામાં ગ્રામસેવા કરી, પછી સ્વામી આનંદ અને કાકાસાહેબના સંસર્ગથી સાબરમતી આશ્રમમાં શિક્ષણકાર્યમાં જોડાયા. વચ્ચે ૧૯૧૯-૧૯૨૩ દરમિયાન 'નવજીવન' સાપ્તાહિકની જવાબદારી સંભાળી. ૧૯૨૩ થી ૧૯૨૭ બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો. ૧૯૨૮થી પછીનું આખું જીવન વેડછી (જિ. સુરત) આશ્રમમાં આદિવાસી - ગ્રામસેવા ને આશ્રમી કેળવણીમાં ગાળ્યું. વિભિન્ન સત્યાગ્રહોમાં કુલ નવ વર્ષે જેલવાસ ભોગવ્યો. ૧૯૭૧ થી ૧૯૭૮ સુધી 'વટવૃક્ષ' માસિકનું સંપાદન કર્યું. વેડછીમાં અવસાન.

એમનું કાવ્યસર્જન પ્રાસંગિક પણ ઊંચી ગુણવત્તાવાળું છે. એમનાં મૌલિક કે પ્રેરિત અનુવાદિત ગીતોમાં માધુર્ય, ગેયતા અને લોકવાણીની સરળતાનુંસૌંદર્ય છે. બાળસાહિત્ય અને શિક્ષણમાં એમની અધિક રૂચિ છે.

## લાભશંકર જાદવજી ઠાકર

જન્મ તારીખ : ૦૪-૦૧-૧૯૩૫

જન્મ સ્થળ : સેડલા, તા. પાટડી

વતન : સુરેન્દ્રનગર, હાલમાં અમદાવાદ આયુર્વેદ ચિકિત્સક તરીકે



ગુજરાતી મુખ્ય વિષય સાથે ૧૯૫૭માં બી.એ., ૧૯૫૯માં એમ.એ., ૧૯૬૪માં શુદ્ધ આયુર્વેદિક કોર્સનો ડિપ્લોમા. સાતેક વર્ષ અમદાવાદની કોલેજોમાં અધ્યાપક અને હવે પોતાના ક્લિનિકમાં આયુર્વેદીક ચિકિત્સક. 'આકંઠ સાબરમતી' નામની નાટ્યલેખકોની વર્કશોપમાં સક્રિય રસ. 'કૃતિ', ઉન્મૂલન' જેવાં સામયિકોનું પ્રકાશન. ૧૯૬૨નો કુમારચંદ્રક. નર્મદ સુવર્ણચંદ્ર. ૧૯૮૧માં રણજિતરામ સુવર્ણચંદ્રક, જે પરત કરેલો તે પછીથી ૧૯૯૪માં સ્વીકાર્યો. ૨૦૦૨નો સાહિત્ય ગૌરવ પુરસ્કાર, ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી મળ્યો. લાભશંકર ઠાકર આધુનિક સર્જક છે. લાભશંકર ઠાકરની કવિતા આરંભમાં પરંપરાનું અનુસંધાન જાળવે છે પણ તેમની 'તડકો' રચનાથી ભાષા સંદર્ભે એક નવપ્રસ્થાન થાય છે. શબ્દની અનર્થકતા, અસ્તિત્વની વ્યથા અને વીરતિની અભિવ્યક્તિ અનેક કાર્યોમાં તેઓ વિડમ્બનાના સ્તરે કરે છે. તેમણે 'એસ્બર્ડ' શૈલીની એકાંકી - નાટકો ચર્યા છે. તેમાં ભાષાનો શબ્દ અપૂરતો લાગતા આંગિક અભિયન અને અન્ય અવાજોની મદદથી નાટ્ય અર્થે ઉપસાવવાનો પ્રયત્ન ગુજરાતી નાટકના વિકાસમાં મહત્વનું સ્થિત્યંતર છે. નિભ્રાન્ત થયેલ મનુષ્યની વાત કહેતી તેમની નવલકથા 'કોણ' અને તેનો ઉત્તરાર્ધ તેમ જ રસળતી કમલે લખાયેલા સંવેદનકેન્દ્ર કે વિચારલક્ષી નિબંધોમાં ગદ્યની તાજપ ધ્યાન ખેંચે છે.

## દિનકરરાય વૈદ્ય (મીનપિયાસી)

| | | |
|---|---|---|
| જન્મ | : | ૨૧-૦૯-૧૯૧૦ |
| ક્ષેત્ર | : | કવિતા, ખગોળ, બાગાયત, પક્ષી |
| સંગ્રહ | : | વર્ષાજંલી, ગુલછડી અને જૂઈ (૧૯૮૬) પન્છી જગત, સરોવરનાં પંખીઓ, પરબના પંખી, મરણતો નથી (૧૯૯૭) |
| ખગોળવિશે | : | પંખી મેળો (૧૬૫ પંખી વિશે) ૧૯૯૨ પ્રથમ ઈનામ પ્રાપ્ત |

તેમના અગત્યના કાવ્યો :

- કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ
- કોઈ મને ના ટોકે
- વ્રજની રાણી
- જોવું ઝાલાવાડ જોવું
- મારા આંગણિયા સુના

## સ્વામી આનંદ :
## અનાસક્ત, અપરિગ્રહી, જ્ઞાની અને પ્રબુદ્ધ



સ્વામી આનંદનો જન્મ તારીખ ૦૮મી સપ્ટેમ્બર ૧૮૮૭ના રોજ લીંબડી તાલુકાના શિયાણી ગામમાં થયો હતો. પૂર્વાશ્રમનું નામ તો હિંમતલાલ રામચંદ્ર દવે. બાળપણમાં તેર વર્ષની ઉંમરે રામકૃષ્ણ મિશનના સાધુઓના સંપર્કમાં આવ્યા. તેમનું વ્યક્તિત્વ તેજસ્વી સમૃદ્ધ અને પ્રજ્ઞાવંત હતું. ૧૯૦૭માં લોકમાન્ય ટિળકના કેસરી પત્રમાં સહાય કરતા રહ્યા. દરમિયાન મહારાષ્ટ્રના ગ્રામપ્રદેશમાં સ્વરાજ ચળવળમાં સક્રિય બન્યાં. તેમણે કાકાસાહેબ સાથે હિમાલય યાત્રા પણ કરી હતી.

૧૯૧૭માં અરસામાં તેઓ ગાંધીજીના સંપર્કમાં આવ્યા. ૧૯૨૮માં વલ્લભભાઈની બારડોલી લડત ચાલતી હતી ત્યારે તેમના મદદનીશ મંત્રી તરીકે સેવા આપી હતી. ૧૯૩૪માં બિહારમાં મોટો ધરતીકંપ થતાં તેના કામમાં લાગી ગયા. ૧૯૪૨માં સ્વાતંત્ર્ય ચળવળમાં પણ સક્રિય ભાગ લીધો હતો. ૧૯૪૫ થી ૪૭ દરમિયાન દક્ષિણ ગુજરાતમાં બોરડી અને વાળીના આદિવાસી વિસ્તારમાં રચનાત્મક પ્રવૃત્તિઓ કરી.

સ્વામી આનંદનું સાહિત્ય સંસ્મરણો, ચરિત્રો, લેખો, નિબંધો અને પ્રવાસવર્ણનો જેવાં સ્વરૂપોમાં ઊતર્યું છે. તેમનુનં સૌથી પહેલું પુસ્તક છે ‘ઈશુંનું બલિદાન’છે. તેમણે ત્રીસેક જેટલા પુસ્તકો લખ્યા. જેમાં ધરતીનું લૂણ, લોકગીતા, ઈશોપનિષદ, ભગવાન બુદ્ધ, ગાંધીજીના સંસ્મરણો, ઈશુભાગવત, ઉત્તરાપંથની યાત્રા, બચપણનાં બાર વરસ, રામાયણ, મહાભરત અને સંતકથા મુખ્ય છે.

આઝાદીની પ્રાપ્તિ સુધી કર્મયોગી જીવન સેવાપરાયણ રહ્યું. જીવનના આરંભકાળે અભણ અને અબુધ હોવા છતાં તપશ્ચર્યા કરીએ તેઓ અનાસક્ત, અપરિગ્રહી, જ્ઞાની અને પ્રબુધ્ધ થયા. પોતાના તપ, તેજ તથા સકલ સંસિદ્ધિઓનો સમાજને પૂરેપૂરો લાભ આપીને તેના ઋણ થઈને તારીખ ૨૫મી જાન્યુઆરી ૧૯૭૬માં પરલોકે સંચર્યા.

## સમર્થ વાર્તાકાર : બચુભાઈ ગઢવી

**વાલી વઢવાણની જોક મરે પણ મેલે નહિ,**
**બાઝે બધા લોક, વઢે પણ વેડે નહિ.**



જેવા અનુક દુહા, છંદ અને સ્તુતિ રચનાર સમર્થ લોક વાર્તાકાર અને લોક સાહિત્યકાર પૂ. બચુભાઈ ગઢવીની વિદાયને ચૌદ -ચૌદ વર્ષના વાણા વહી ગયા છે. આમ છતાં કાઠિયાવાડની ધરતીના કણે-કણમાં હજુ બચુભાઈ ગઢવીના પડકારા સંભળાય છએ.

લોક વાર્તાકાર અને સાહિત્યકાર બચુભાઈ ગઢવી જીવુબાની કૂખે અવતર્યા હતા. બચુભાઈ ગઢવી ચાર ચોપડી જ ભણ્યા હતા. પરંતુ બચુભાઈ ગઢવી વાર્તા માંડે ત્યારે આસપાસના વાતાવરણને થંભાવી દે ! એવી એમના શબ્દોમાં તાકાત હતી. એણની વાણીમાં અદ્દભૂત વેગ અસ્ખલિત પ્રવાહ હતો. બચુભાઈ ગઢવીને ગીતા, રામાયણ, મહાભારત, જૈન ધર્મ, બાઈબલ, કુરાનેશરીફનું અદ્‌ભૂત જ્ઞાન હતું. બચુભાઈ ગઢવીએ જય ઝાલાવાડનો નારો બૂલંદ કર્યો હતો.

### ૧૧ ગુજરાતી ફિલ્મમાં પટકથાઓ લખી...

બચુભાઈ ગઢવી શ્રેષ્ઠ વાર્તાકાર હતા. તેઓને ભાદર તારા વહેતા પાણી, ચુંદડીનો રંગ, અમર દેવીદાસ સહિત ૧૧ ગુજરાતી ફિલ્મોની પટકથાઓ લખી છે. જેમાં ભાદર તારા વહેતા પાણી ફિલ્મમાં શ્રેષ્ઠ પટકથાનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. જ્યારે અમર દેવીદાસ ફિલ્મમાં બચુભાઈ ગઢવીએ અભિનય પણ ક્યો હતો.

### ખ્યાતનામ વ્યક્તિઓ બચુબાપાની મુલાકાત લીધી હતી

બચુભાઈ ગઢવીના બૂલંદી ગળાએ રેડિયો પર અનેક વાર્તાઓ રજૂ કરી હતી. બચુભાઈ ગઢવીને મળવા માટે આચાર્ય રજનીશ, ફિલ્મ અભિનેતા પૃથ્વીરાજ કપૂર, રાજકપૂર, મનોજકુમાર વગેરે આવ્યા હતા. આચાર્ય રજનીશ અને બચુભાઈ ગઢવી વિચારધારા સંદર્ભે એકબીજાથી આકર્ષાયા હતા.

### હિંગળાજ સ્તુતિના રચયિતા

બચુભાઈ ગઢવીની ૧૪મી પૂણ્યતિથિની ઉજવણી કરતા બચુભાઈના પુત્ર જયદેવ ગઢવી, ગંભીરસિંહ રાઠોડ (એસપી) અને જગદીશભાઈ દલવાડીએ જણાવ્યું હતું કે લોક વાર્તાકાલ બચુભાઈએ હિંગાળજ સ્તુતિ, ચંડીપાઠ અને રાવણ શતકની રચના કરી કરી. બચુભાઈએ જય ઝાલાવાડ અને જય વઢવાણનો નારો બૂલંદ કર્યો હતો. તેઓ હંમેશા કહેતા વઢવાણ ઈઝએ વર્લ્ડ એન્ડ વર્લ્ડ ઈઝ એ વઢવા

## અરુણાબેન દેસાઈ



જન્મ તા. : ૧૩-૫-૧૯૨૪

મૃત્યુ તા. : ૧૬-૨-૨૦૦૭

અણધર્યા આવી પડે ઘટમાં દુઃખના ઘા,
નાભિથી વણ નીકળે, મોઢે આવે 'મા' - શિવદાન ગઢવી

જે માતાની કૂખે બાળકનો જન્મ થાય અને તેને ત્યજી દેવામાં આવે તે બાળકની માતા બનનાર, પચાસ હજારે જેટલી નિરાધાર, ત્યક્તા મહિલાઓને આશરો આપી નવજીવન બક્ષનાર, બાળકલ્યાણ અને મહિલા ઉત્કર્ષની પ્રવૃત્તિઓ માટે અવિવાહિત જિંદગી જીવને સમગ્ર જીવન અર્પિત કરી દેનાર શ્રી અરુણાબેન દેસાઈનો જન્મ પ્રભાસ પાટણમાં શ્રી હરિપ્રસાદ ઉદયશંકર દેસાઈના જયેષ્ઠ પુત્ર શ્રી શંકરપ્રસાદ તથા શ્રીમતી ઈન્દિરાબહેનને ત્યાં જુનાગઢ મુકામે થયો હતો. માત્ર ત્રણ વર્ષની વયે માતાનું અવસાન તથા કિશોરાવસ્થામાં પ્રવેશ કરે ત્યાં તો પિતાનું પણ અવસાન થતાં તેમની જિંદગીમાં નવો વળાંક આવ્યો. સમગ્ર જીવન દીનદુઃખી સ્ત્રીઓના ઉત્કર્ષ માટે અર્પણ કરી નાંખ્યું.

ઝાલાવાડ પ્રદેશ અતિ પછાત વિસ્તાર, સામાજિક અને આર્થિક ક્ષએત્રે પણ એટલો બધા વિકાસ નહિ. સમાજમાં સ્ત્રીઓનું કોઈ સામાજિક સ્થાન જ ન હતું. જેમાં અંધશ્રદ્ધા, બાળલગ્નો, અસ્પૃશ્યતા, વૃદ્ધ સાથે લગ્નો, એક કરતાં વધારે પત્ની અને સમાજમાં રૂઢ થયેલી પ્રથાઓ વચ્ચે માત્ર એકવીલ વષની વયે ૧૯૪૬ની ૧૨મી જૂને ૧૪ બાળાઓ સાથે સમાજસેવા કરવા માટે રાષ્ટ્રીય શાળા (ઘરશાળા) વઢવાણ. પૂ. શિવાનંદ સ્વામીના આશીર્વાદ સાથે મહાભિનિષ્ક્રમણ કરી સેવાની ધૂણી ધખાવી.

અરુણાબહેનની વ્યક્તિત્વના બે મુખ્ય પાસાં હતાં. એક સ્ત્રી પ્રત્યેની તેમની સંવેદના અને બીજું તેમનો સંઘર્ષનો સથવારો કરવાનો સ્પિરિટ. તેઓ કહેતાં કે : 'સ્ત્રી ને શિક્ષિત કર્યા વિના તેને સશક્ત સ્વાવલંબી બનાવી શકાશે નહિ અને ત્યાં સુધી સ્ત્રી માટે જિંદગી શક્ય નથી.' ત્યજાયેલા નવજાત શિશુંને વિદ્યાલયમાં ઉછેરી, ભણાવી પરણવા લાયક થતાં યોગ્ય મુરતિયા સાથે પરમાવી તે સમાજમાં પોતાનું આગવું સ્થાન બનાવે ત્યાં સુધીની સમગ્ર જવાબદારી નિભાવતાં. નવજાત બાળકને, નિઃસંતાન દંપતીને બાળક દત્તક આપીને નિરાધાર બાળકોને મા-બાપ પણ અપાવ્યાં છે. નવજાત શિશુંને તેઓ જુએ ત્યાં તો તેમની આંખમાં આંસુ આવી જતાં. પોતાના પ્રેમ-વાત્સલ્ય દ્વારા તેને પોતાની ગોદમાં સુવડાવીને 'મા'ની હૂંફ આપતાં.

વિકાસ વિદ્યાલય - વઢવાણ એ એક ત્યક્તા મહિલાઓનું ઘર હતું. નિરાધાર બાળકોની માતા અરુણાબેન દેસાઈએ એક તેજપૂંજ હતો. તેમના જન્મદિવસે સંસ્થાની તમામ બહેનોને એક આઈસ્ક્રીમ ખવડાવે. દિવાળીના દિવસોમાં સંસ્થામાં ફટાકડાઓ પણ ફૂટે અને નવરાત્રિમાં ગરબાઓ પણ ગવાય. સંસ્થાના પચાસ વર્ષ (૧૯૯૫)માં પૂરાં થયાં ત્યારે તેમણે કહ્યું હતું કે જે વિસ્તારમાં મારું સ્વાગત પથ્થરો મારીને કરવામાં આવ્યું હતું ત્યાં તે જ લોકો આજે હાર પહેરાવીને સ્વાગત કરી રહ્યા છે.

અરુણાબેન દેસાઈને 'આંતરરાષ્ટ્રીય બાળ વર્ષ નિમિત્તે ગુજરાત સરકારશ્રી એવોર્ડ' (૧૯૮૧), 'ફિક્સી દ્વારા નારીશિક્ષણ એવોર્ડ' (૧૯૮૪), 'બાળકોના સંસ્કારીકરણ અને કલ્યાણમયી જીવન માટે એવોર્ડ' (૧૯૮૬), 'શ્રીમતી ચંપાબેન ગોધીયા સંસાધન વિભાગ દ્વારા એવોર્ડ' (૧૯૯૨), 'અભિનય સમિતિ-મહેસાણા દ્વારા કોપર શિલ્ડ એવોર્ડ' (૧૯૯૩),

'રોટરી ઈન્ટરનેશનલ દ્વારા જીવન હેરીસ એવોર્ડ', 'સમાજકલ્યાણ વિભાગ દ્વારા મહિલા સુરક્ષા ક્ષેત્રે એવોર્ડ' (૧૯૯૮), 'શ્રી રાજીવ ગાંધી માનવ સેવા એવોર્ડ' (૨૦૦૨) તથા 'જાનકી દેવી બજાજ એવોર્ડ' (૨૦૦૫)થી સન્માનિત કરવામાં આવેલ હતાં.

રાજ્યપાલ શ્રી નવકિશોર શર્માજીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું કે : 'સતત સાઈઠ વર્ષ સુધી સમાજમાં અત્યાચારનો ભોગ બની તિરસ્કૃત ત્યક્તા મહિલાઓને આશ્રય, આશ્વાસન, શિક્ષણ અને પ્રશિક્ષણ આપવાની તેમની સેવા સદા સ્મરણીય રહેશે. તેમના નિધનથી ગાંધીવાદી અને બાળ મહિલા કલ્યાણને વરેલા સમાજસિવાકાની ખોટ પડી છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ શ્રધ્ધાંજલી અર્પણ કરતાં કહ્યું કે : 'ગુજરાતે એક સમાજ પરિવર્તક ગુમાવ્યા છે. વિકાસ વિદ્યાલય શોષિત પીડિત મહિલાઓના સંઘર્ષ માટેનું પ્રેરણા સ્થાન બની રહ્યું છે. મહિલાઓનાં માવતર ગુમાવ્યા છે.'

ઝાલાવાડમાં સતત છ દાયકા સુધી સેવાની ધૂણી ધખાવીને ઝાલાવાડની મધર ટેરેસા અરુણાબેન દેસાઈ મહાશિવરાત્રી (મોક્ષદિન) ના દિવસે ઝાલર ટાણે મંદિરોમાં શિવઆરતી થઈ રહી હતી ત્યારે ઘંટારવનો નાદ સાંભળતાં શિવમય બની પરમતત્વમાં ભળી ગયાં.

**"આખર એક જતાં, કોડ્યું ને આખર કામના,**
**મોઢે બોલું 'મા', કોઠાને ટાઢક કાગડા" - દુલા કાગ**

## લોક ગાયક : હેમુ ગઢવી

(૧૯૨૯-૧૯૬૫)

સૌરાષ્ટ્રના વિખ્યાત લોકગાયક અને લોકસંગીત નિયોજક



લોકગીતોની સૂરાવલિમાં સમાયેલું સૌંદર્ય છતું થાય એવી હલકથી ગાવાની ક્ષમતા ધરાવતા અને કથાકનમાં રહેલા વીર કે કરુણ રસને બહેલાવે એવો કંઠ ધરાવતા હિંમતદાન ગઢવીનો જન્મ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના ઢાંકણિયા ગામે ઈ.સ. ૧૯૨૯ના સપ્ટેમ્બર માસની ૮મી તારીખે થયો હતો. પછીથી તેઓ 'હેમુ' નામના લાડીલા ઉપનામથી ઓળખાતા હતા.

લોકસાહિત્યની ગીત-કથાઓ, વારતાઓ વગેરેને લોકપ્રિય બનાવવામાં મહત્વનું યોગદાન આપનાર આ ગાયક અને કથા-નિવેદક સૌરાષ્ટ્રના પડધરી ગામે કોળી મહિલાઓનાં ગીતોનું ધ્વનિ-મુદ્રણ કરી રહ્યા હતા ત્યારે જ.ઈ. ૧૯૬૫ના ઓગસ્ટ માસની ૨૦મી તારીખે કાયમી વિદાઈ લઈ પરલોક સિધાવ્યા.

પિતાનું નામ નાનુભા. નાનુભા પોતે નિરક્ષર હતા અને ખેતીનો ધંધો કરતા હતા. માતા બાલુબાને હેમુને ભવાઈ અને પ્રવાસી નાટક-મંડળીઓનો પરિચય કરાવ્યો. બાલુબાના ભાઈ એટલે કે હેમુના મામા નાટક મંડળી ચલાવતા. હેતુ એ કંપનીનાં નાટકોમાં સ્ત્રી પાત્ર ભજવતા. નાટક-મંડળ પ્રવાસ કરતી રહેતી. પરિણામે વિવિધ સ્થળોએ વિવિધ શ્રોતામંડળી સમક્ષ લોકગીતો, રાસ, ગરબા વગેરે રજૂ કરવાની તક તેમને સાંપડી. લોકસાહિત્યમાં રસ પડતાં તેનો વ્યવસ્થિત અભ્યાસ શરૂ કર્યો. મોરબીના વિદ્યારામ હરિયાણીને તેમણે પોતાના ગુરુ તરીકે સ્થાપ્યા હતા. વિદ્યારામે લોકસાહિત્યની ખૂબીઓ અને વિવિધતાથી હેમુને સુપરિચિત કર્યા.

ઈ.સ. ૧૯૫૬માં તેઓ રાજકોટ આકાશવાણીમાં જોડાયા. તે દરમિયાન અસરકારક પદ્ધતિએ લોકસંગીત શી રીતે રજૂ કરવું તેની વ્યવસ્થિત તાલીમ તેમણે લીધી. પછી તો તેમણે સંખ્યાબંધ જાહેર કાર્યક્રમો આપ્યા. તેમનો અવાજ ઝવેરચંદ મેઘાણી જેમ બુલંદ અને સુરીલો હતો. તેમણે ગાયેલાં અસંખ્ય લોકગીતોની ગ્રામોફોન રેકર્ડ તૈયાર થઈ ધૂમ વેચાવા લાગી.

આકાશવાણીમાં તેમને લોકસંગીતના સહાયક દિગ્દર્શક તરીકે બઢતી આપવામાં આવી હતી. તેમના સહકાર્યકર હતાં. દીનાબહેન ગાંધર્વ. એમના સાથમાં તેમણે અનેક લોકસંગીત-રૂપકો રચ્યાં. એમાંના 'રાંકનું રતન', 'શેણી વિજાણંદ', 'કવળાં સાસરિયાં' તથા 'પાતળી પરમાર' આજે પણ એટલાં જ લોકપ્રિય રહ્યાં છે.

'એક દિન પંચસિંધુને તીર' અને 'વર્ષાવર્ણન' જેવી ગદ્યવાર્તાઓ તેમણે રજૂ કરી ખૂબ જ લોકપ્રિયતા પ્રાપ્ત કરી હતી. તે સમયમાં સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમી અસ્તિત્વમાં હતી. આ અકાદમીએ 'શેતલને કાંઠે' અને 'ધન્ય સૌરાષ્ટ્ર ધરણી' જેવાં નાટકો રજૂ કર્યા હતાં. આ નાટકો ખૂબ જ પ્રશંસા પામ્યાં હતાં. આ પ્રશંસા પાછળ હેમુનો કંઠ અને તેમના અભિનયનું અતિ મહત્વનું પ્રદાન છે.

ઝવેરચંદ મેઘાણીએ ઢગલાબંધ લોકગીતોનું સંશોધન અને તેનો સંચય કર્યો છે. આ લોકગીતોને કવિ દુલા કાગ કે કાનજી ભૂટા બારોટ જેવા ગાયકોએ ઢાળ આપવાનું કામ કર્યું છે. હેમુ ગઢવીની ગણના પણ ઢાળ આપનાર આ ગાયકોમાં થાય છે.

અસરકારક રીતે લોકસાહિત્યની રજૂઆત કરવામાં એ એક્કા હતા. ઊછરતા લોકસાહિત્ય કલાકારોને તાલીમ આપી કુશળ બનાવવામાં પણ એમણે મહત્વનો ફાળો આપ્યો હતો.

## વાર્તાકાર : બાપલભાઈ દેશાભાઈ ગઢવી



ઝાલાવાડને પોતાની કર્મભૂમિ બનાવનાર લોકકવિ, લોકસાહિત્યકાર અને લોકવાર્તાકાર શ્રી બાપલભાઈ ગઢવી ઝાલાવાડને પોતાના સાહિત્યદ્વારા ધન્ય બનાવેલ છે. જેમણે જૂનાગઢમાં લોકસાહિત્યની સાધના કરી, જેમણે કલાગુરૂ કવિ કાગ, મેરુભા મેઘાણંદ, જયમલ પરમાર તથા વ્રજભાષાના તજજ્ઞ ગુરૂદેવ યશકરણજી પાસેથી લોક સાહિત્યનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. જેઓ આકાશવાણી રાજકોટના B+ કલાકાર હતા. સમગ્ર ઝાલાવાડમાં ગામડેગામડે, નેસડેનેસડે અને ખોરડેખોરડે જઈ નશાબંધીના કાર્યક્રમો યોજ્યાં. જેના પરિણામે સમગ્ર પ્રદેશમાં દારૂ પીવાનું પ્રમાણ ઓછું થયું. સમગ્ર રાજ્યમાં પહેલી વખતે ઝાલાવાડના આંગણે મહિલા વ્યસનમુક્તિના કેમ્પ કર્યા. જેમણે ૨૫ વાર્તાઓનો લોકવાર્તા સંગ્રહ 'કોને રંગ દેવા' ઝાલાવાડને અર્પણ કરી તા. ૩જી ઓગસ્ટ ૧૯૯૫ ના ઈશ્વરને વાર્તા સંભળાવવા માટે પહોંચી ગયા.

જેમણે ગીતાનો સાર એક દોહરામાં કહ્યો

સહેલાઈથી છોડી દીએ, જૂનુ વસ્તર જેમ,
બાપલ આ તન એક દી, આતમ તજશે એમ.

લોકસાહિત્યમાં શિક્ષાપત્રી સમાન તેમનું ગીત "સમજી જાજો શાનમાં નો એક અંતરો"

ઉઘાડાને ઓઢાડી દેજો, ઉઘાડા એક દી થાવાનુ,
ખાપણ આખર ખેંચી લેશે, જન્મ્યા એમ જ જાવાનુ.
સમજી જાજો આરે શાનમાં કાયમ કોઈ નથી રહેવાનું.

તેમનો એક પ્રાણ દોહરો

સાંજ પડે ઘર સાંભરે, વિહરે પંખી ગગન,
પણ બાપલ એક બેસે નહી, માળા માથે મન.

## ક્રાંતિકારી અને રાષ્ટ્રભક્ત : સરદારસિંહ રાણા



ઝાલાવાડના પ્રખર રાષ્ટ્રભક્ત અને ક્રાંતિકારી સરદારસિંહ રાણાનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના કંથારીયા ગામે તારીખ ૧૯ માર્ચ ૧૯૭૦ માં રામનવમીના દિવસે થયો હતો. તેઓ સશક્ત, નિર્ભય ક્રાંતિવીર, હીરના કુશળ વેપારી, વકીલ, દાનવીર અને પ્રખર દેશભક્ત હતા. લીંબડી સ્ટેટના ઠાકોરસાહેબ જશવંતસિંહજી આ તેજસ્વી યુવાનને ઉદાર દિલે સહાય કરી. કાયદાના વધુ અભ્યાસાર્થે તેઓ લંડન ગયા હતા. આ સમયકાળ દમરિયાન ક્રાંતિવીર અને શ્યામજીકૃષ્ણ વર્મા સાથે તેમની મુલાકાત થઈ.

ગાંધીજી અને સરદારસિંહજી રાણા સહાધ્યાયી હતા. પૂ. બાપુ સરદારસિંહને સદુભા કહીને બોલાવતા હતા. પંડિત જવાહરલાલ નહેરુના આગ્રહથી સ્વતંત્રભારતના દર્શન કરવા તેઓ ૧૯૪૮માં ભારત આવ્યા. ગાંધીજીને તેઓ મળવા ગયા ત્યારે તેમનો મૌન દિવસ હોવા છતાં પણ સદુભાના આગમનને પ્રથમવાર પૂ. બાપુએ નિયમભંગ કર્યો અને મનભરીને વાતો કરી હતી.

સરદારસિંહજી રાણા કહેતા કે, સશક્ત ક્રાંતિ કરવી હોય તો લશ્કરી તાલીમની જરૂરિયાત છે. ફ્રાંસ ખાતે તેનું મકાન ભારત દેશના સશક્ત ક્રાંતિવીરોનું ઘર કહેવાતું. વિદેશમાં રહીને પણ રાષ્ટ્રભક્તિ કેમ કરી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ હતું. ફ્રાંસની સરકારે તેમના પર રાજદ્રોહનો આરોપ મૂકીને જેલમાં ધકેલી દીધા. વહાલસોયા દીકરાનું અવસાન થતાં વીમાની બધી રકમ તેમણે શાંતિનિકેતન આશ્રમ - કલકત્તાને મોકલી આપી. તારીખ ૧૮મી ઓગસ્ટ ૧૯૦૭ના રોજ સ્ટુગાર્ડમાં રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો ત્યારે આ ધ્વજવંદનવિધિના સાક્ષી હતા. સદુભા જ્યારે ભારત આવ્યા ત્યારે આ ધ્વજ તેમણે પંડિત જવાહરલાલજીને અર્પણ કરેલો.

પાછળની જિંદગી તેમણે દેશમાં પસાર કરી. શિવભક્ત સરદારસિંહજી રાણા ભગવાન સોમનાથના દર્શનાર્થે ગયા ત્યાં જ તેમને હૃદયરોગનો હુકમો આવ્યો. ભગવાન શિવના ખોળામાં માથુ નમાવી દીધું.

આવા હતા આપણા અનોખા ક્રાંતિવીર સરદારસિંહજી રાણા.

## તળવદી ભાષાનાં લેખક : દેવશંકર મહેતા

દેવશંકર મહેતાનો જન્મ સુરેન્દ્રનગર જીલ્લાનાં ધ્રાંગધ્રા તાલુકાનાં ગુજરવદી ગામે તા. ૧૬-૦૧-૧૯૧૬નાં દિવસે થયો, પિતા કાશીરામભાઈ અને માતા પુરીબહેનનાં કુલ આઠ સંતાનોમાં દેવશંકર ચોથા નંબરનાં સંતાન હતા.

તેમણે ઝાલાવાડી તળપદી ગુજરાતી ભાષામાં કુલ ત્રેસઠ (૬૩) નવલકથાઓ અને છન્નુ (૯૬) નવલિકાઓ લખી છે. તેમની ત્રેસઠ નવલકથાઓમાં ત્રણ નવલકથાઓ ત્રણ-ત્રણ ભાગમાં અને નવ નવલકથાઓ બબ્બે ભાગમાં લખી હોવાથી નવલકથાઓ બબ્બે ભાગમાં લખી હોવાથી નવલકથાઓ ત્રેસઠ પરંતુ પુસ્તકોની સંખ્યા અઠયોતેર (૭૮) થાય છે, તદુપરાંત



આઠ નવલિકાસંગ્રહો દ્વારા છન્નુ નવલિકાઓ લખી હોવાથી તેમનાં કુલ પુસ્તકોની સંખ્યા ૮૬ થાય છે.

શામળદાસ ગાંધીનાં 'વંદેમાતરમ્' પ્રેસમાં મુંબઈ ખાતે કામ કરતી વખતે દેવશંકર મહેતા મહાત્મા ગાંધીજીનાં પ્રત્યક્ષ પરીચયમાં આવ્યા અને ગાંધીવાદનાં રંગે રંગાયા, એમણે થોડો સમય રાણપુર ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી નીચે પણ કામ કર્યું હતુ. જામનગરનાં મહારાણી ગુલાબકુંવરબા સોસાયટીનાં નેજા નીચે આયુર્વેદનાં મહાનગ્રંથ 'ચરકસંહિતા' નાં છ વોલ્યુમનું નૂતન સંસ્કરણ કરવાનું કામ પણ દેવશંકર મહેતાએ કર્યું છે.

૧૯૭૦ માં રશિયાના તત્કાલીન સાંસ્કૃતિક મંત્રીશ્રી લેબોચો અને શ્રીમતી લેબોચો ગુજરાતની યાત્રાએ આવ્યા ત્યારે ગામડાંની ભાતીગળ સંસ્કૃતિ વિશે જાણવા દેવશંકર મહેતા પાસે ગુજરવદી આવ્યા હતા. હિન્દી ફીલ્મ અભિનેતા બલરાજ સહાની પણ આ કારણે જ મુંબઈથી ગુજરવદી પધાર્યા હતા. આમ લેખક અને ખેડૂત ઉપરાંત ગામનાં આગેવાન, ગ્રામ્ય પરિવેશનાં જ્ઞાતા તથા ઈતિહાસ અને સાહિત્યનાં મર્મજ્ઞ દેવશંકર મહેતાનું અવસાન ૩૦ ઓક્ટોબર ૧૯૮૪નાં દિવસે થયું હતું. : ડૉ.જગદીશ ત્રિવેદી

**પ્રજારામ રાવળ**



''આવળ, બાવળ, કેર, બોરડી, શુષ્ક, રુક્ષ, ચો-ફરતી આ ઝાલાવાડી ધરતી પ્રચલિત કાવ્યના રચયિતા. આ ઉપરાંત તરસ્યું હૈયા હરણું જેવી પ્રચલિત પધ્યાવલીના પ્રજારામ રાવળનો જન્મ ૩જી માર્ચ ૧૯૧૭ના રોજ થયેલો હતો. તેમનું અવસાન ૨૮, એપ્રિલ ૧૯૯૧ના રોજ સુરેન્દ્રનગર ખાતે થયેલું હતું. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વઢવાણ ખાતે તથા આયુર્વેદમાં સ્નાતક પાટણ ખાતે પૂર્ણ કરેલ. વ્યવસાયે તેઓ ભાવનગર આયુર્વેદના પ્રાધ્યાપક અને આચાર્ય તરીકે સેવા આપી. પ્રજારામ રાવળ, ઉશનસ અને જયંત પાઠક સાહિત્ય જગતની ત્રિપુટી ગણાતી હતી. તેમની ગીત અને સૉનેટમાં હથરોટી હતી. તેમની કવિતાઓમાં સૌદર્ય રસિકતા સાથે ભાષા-લયની સંવાદિતા અને ચારુતાનો યોગ જણાય છે. તેમની મુખ્ય રચનાઓમાં મહાયુધ્ધ, પદ્મા, નાન્દી અને નૈવેદ્ય તેમની કવિતા સંગ્રહો છે. તેમણે પરબ્રહ્મ (શ્રી અરવિન્દના કાવ્યો), રઘુવંશ (કાલિદાસ), સુંદરકાંડ, સીતા - અશોક વનમાં (વાલ્મીકિ મુની) અનુવાદ પણ કરેલા છે.

આ ઉપરાંત વિશેષ વ્યક્તિઓમાં પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, દયાળુ બાબુ રાણપુરા, હાસ્ય લેખક શાહબુદ્દીન રાઠોડ અને જગદીશ ત્રિવેદી, કેળવણીકાર નાગજીભાઈ દેસાઈ, શિક્ષણવિદ્ મોતીભાઈ પટેલ, અભિનેત્રી ડિમ્પલ કાપડીયા, ચિત્રકાર સ્વ. સુલેમાન પટેલ, દિગ્દર્શક અશોક ઠાકરીયા, સાહિત્યકાર મનુભાઈ ગઢવી, સ્વ. ફુલચંદભાઈ શાહ, સ્વ. ચીમનભાઈ વૈષ્ણવ, સ્વ.શિવાનંદ સ્વામી, બબલભાઈ મહેતા, શાંતાબહેન ચુડગર, મેઘરાજ ગઢવી જેવાં અનેક નામી-અનામી વ્યક્તિઓએ આ ધરતીને પોતાના કર્મ દ્વારા પોતાની કર્મભૂમિ ધન્ય કરી છે.

● ● ●

## મલકના ગીતો

ખારા ખેતર પાદરા, ખારી ખળાવાડ,
મરદ મુછાળા માનવી, જુગ જુની જતવાડ

નહી ખાડા નહીં ટેકરા નહીં ખેતર નહીં વાડ
બહુ ઉચેરા બાવળા, જુગ જુની જતવાડ

ગાય ભેંસ બળદીયા, થોડા બકરા-ગાડ
ખરા નડે નહીં ખચ્ચરા, જુગ જુની જતવાડ

ધોમ ધખંતા વગડે, દિ' ભમે ભરવાડ
સાચવે રાત રખોપીયા, જુગ જુની જતવાડ

જાર - બાજરી ધાનમાં, ત્રીજો પાક કપાસ
ખોટ ચોથી ખેતરે જુગ જુની જતવાડ

ઉંચા ટીંબા આથમણે, હોય મીઠાના પહાડ
અંધારે અગરમાં આથડે, જુગજુની જતવાડ

વાંકી દશા વૈદની, માઠો હોય મંદવાડ
નરવા નર નહીં નિપજે, જુગ જુની જતવાડ

પહોળા લેંઘા પહેરતા, રેટાની વરમાળ
વેંત - દાઢીની વારતા, જુગ જુની જતવાડ

હા-બા કહેતા ફુલ ઝરે, આંખડીયું શરમાળ
ધરા ધ્રુજાવે ધારીયે, જુગ જુની જતવાડ

# આપણાં મલકના માયાળું માનવી

આપણાં મલકના માયાળું માનવી
માયા મેલીને વયા જાશું મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં....

આપણા મલકમાં ઉતારા ઓરડા
ઉતારા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં...

આપણા મલકમાં દાતકા દાડમી
દાતણીયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં...

આપણા મલકમાં નાવણ કુંડીયું
નાવણીયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં...

આપણાં મલકમાં ભોજન લાપસી
ભોજનીયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં...

આપણાં મલકમાં મુખવાસ એલચી
મુખવાસ કરીને ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં...

આપણા મલકમાં પોઢણ ઢોલીયા
પોઢણીયા કરી ઘોડે ચડજો મારા મેરબાન
હાલો ને આપણાં મલકમાં...

## આ ઝાલાવાડી ધરતી ?

આવળ, બાવળ, કેર, બોરડી (૨)
આ ઝાલાવાડી ધરતી (૨)
અહીં ફૂલ કેવળ આવળનાં
અહી નીર અધિકાં મૃગજળનાં
પુષ્પ, પત્ર, પાણી વિણ કાયા,
આ ઝાલાવાડી ધરતી (૨)
જોજનના જોજન લગ દેખો,
એક નહિ ડુંગરને પેખો ?
વિરાટ જાણે ખુલ્લી હથેળી,
આ ઝાલાવાડી ધરતી ? (૩)
આ તો કઈ જનમ વેરાગણ,
કે કોઈ ઉગ્ર તપતી જોગણ,
સન્યાસિ તણા નિર્મળ શુભ,
વેશે ઉર મુજ ધરતી ?
આ ઝાલાવાડી ધરતી ? (૪)

હે મારો ઝાલાવાડી ઢોલ જાણે ઝાંઝર વાગે
હે મને ઢોલ રમવા મેલ ભરવાડીયા ઝાલાવાડી..
હે મારા નાક કેરી નથડી ટૂંકી રે પડે
હે મને ફરી ઘડાવી ને ભરવાડીયા ઝાલાવાડી..
હે મારા ડોક કેરો હારલો ટૂંકો રે પડે
હે મને ફરી ઘડાવી દેને મારા સાયબા ઝાલાવાડી..
હે મારા હાથ કેરો સુડલો ટૂંકો રે પડે
હે મને ફરી ઘડાવી દે ને ભરવાડીયા ઝાલાવાડી..
હે મારી પગકેરી ઝાંઝરી ટૂંકી રે પડે
હે મને ફરી ઘડાવી દે ને મારા સાયબા ઝાલાવાડી..

સુરેન્દ્રનગર તો તમે હવે કો'છો કાંપ મારું નામ
રસ્તા એના સાંકડા, પછી ટ્રાફિક થઈ જાય જામ.

જવાહર રોડ માં રોજ પડે છે. સાડી-સાડીનો શોર
પતરાવાળી લાગે પ્યારી, પણ છકડાનું છે જોર.

ટાવર ઊંચો તાડ જેવો, જેલચોકમાં ઝાંખો
ટાંકી ચોકમાં ટાંકી નથી. મોરબી પુલ તો રાંકો !

હનુમાન અમારા બહુ હઠીલા, ચોકે-ગણીએ બેઠા.
ચૈત્રી પૂનમે સાંભળે સૌને, પછી ક્યાં છે નેઠા ?

પોપટ પરામાં પોપટ નથી, વાદી પરામાં ક્યાં વાદી ?
પૂર્વ-પશ્ચિમ વિસ્તાર વધ્યો, રેલવે છે ઓતરાદી !

ઓફિસો છે એકલ દોકલ, ટાગોર નામનો બાગ.
બહુમાળી ભવન બહુ દૂર છે, કાર્યાલયના ભાગ !

ભોગાવામાં પાણી ભાળ્યું, ડેમ છે ધોળી ધજા,
કેનાલમાં તો પાણી આવ્યું, હવે છે સાચી મજા !

મેઈન બજાર, દાળમીલ, જંકશન જેવો રોડ
એંસી ફૂટ તો આડો પડ્યો, રોજ થાય તોડફોડ !

મહેતા માર્કેટ, મીના બજાર, વેપારી ના છે ધામ,
અપના બજાર, કેરી બજારના રસ્તા થાય છે જામ.

સુખી લોક સૌ સંપથી, અઢારે વરણ નાત.
અંબારામ કહે અમ આશરો, ઝાલાવાડની જુદી છે ભાત.

**અંબારામ દુમાદિયા**

સવા બશેરનું મારૂં દાતરડું રે લોલ
ઘડ્યું ઓલા લાલીએ લુહાર મુજા હે મુજા
વાલમજી લોલ હવે નહી જાઉં વીર વાઢવારે લોલ

સોનલે મઢાવું તારા ચૂડલા રે લો.
કેડે કંદોરાની ઝુલ, મારા કાળજડા લોલ

પાદરે થી પાછા કાઢશું રે લોલ શું શું લાવીશ
મારે કાજ મારા વાલમજી લોલ - હવે નહી

નવરંગી ચુંદડી લાવશું રે લોલ ઘમ્મક
ઘુઘરીની કોર મારા કાળ જડા લોલ
ખેતરની ખેપ નથી ગમતી રે લોલ

છાણા વાસી દે ચડે સૂગ-મારા વાલમજી લોલ
વહાલપની મેડીયું બાંધીશું રે લોલ પધરાવશું

હારોહાર મારા કાળજડા લોલ - હવે નહી
કૂવા કે વાવ નથી ગમતા રે લોલ

બેડુ લેતા છૂટે કેસ મારા વાલમજી લોલ
નદીયું ના નીર રળિયામણા રેલોલ
બેસીને ગાઈશું મીઠા ગીત - મારા કાળજડા લોલ

હાલો માનવીયું તણેતરના મેળે જો,

તરણેતરનો મેળો જોવાની જુગતી

આજના ઉતારા જઈ તરણેતર કરશું જો

તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....

આજના દાતણીયા જઈ તરણેતર કરશું જો

તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....

આજના નાવણીયા જઈ તરણેતર કરશું જો

તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....

આજના ભોજનીયા જઈ તરણેતર કરશું જો

તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....

આજના પોઢણીયા જઈ તરણેતર કરશું જો

તરણેતરીયો મેળો જોવાની જુગતી હાલો....

## પાંચાલ પ્રદેશના દોહરા

કંકુવરણી ભોમકા સરવો સાલેમાર

નર પટાધર નીપજે, ભલો દેવકો પાંચાળ

ખડ પાણીને ખાખરા, પાણા નો નહી પાર

વગર દીવે વાળુ કરે, પડ જુઓ પાંચાળ

નદી ખળકે નીરઝરાં, મલપતાં પીએ માલ

ગળે કસુંબા ગોવાળિયા, પડ જુઓ પાંચાળ

કુકડકંધા મૃગકુદણાં, શત્રુને હૈયે સાલ

તાતા તોરીંગ નીપજે, પડ જુઓ પાંચાળ

પાણી તણી તંગી ઘણી, પાણા નો નહી પાર

પાણી થકી બહુ કામ કરે ઈ ધનધન ઝાલાવાડ

પડ જુઓ પાંચાળ

આંગણ તલાવડીને પાળે જાંબુડો જો
ઈરે જાંબુડે બેની મારા અટક્યા ઉકેલે જો

ચોટીલા જાઉ તો મારી ચામુડમાંને તેડાવું જો
ચામુંડમાં આવે તો બૈની મારા  ધાર્યા કામ કરે જો...

આંગણ....

પાટડી શે'ર જઉ તો મારી શક્તિમાં ને તેડાવું જો
શક્તિમાં આવે તો બેની મારી અટક્યા ઉકેલે જો

આંગણ....

ચરાડવા જાઉં તો આઈ રાજલને તેડાવું ડો
રાજલમાં આવે તો બેની મારા ધાર્યા કામ કરજો

આંગણ....

મૂળી ગામે જાઉં તો રૂડા માંડવરાયને તેડાવું જો
માંડવરાયજી આવે તો બેની મારા અટક્યા ઉકેલે જો..

આંગણ....

## મણિયારો

ઉંચી રે ચડુને નીચે ઊતરૂ રે
વાલીડા જોઉં રે મણીયારા તારી વાટ
મણીયારડાં તમે જીવો ગોરલના સાયબા
હેજી અણીયાળી આંખવાળો રે મણીયાર
વાલીડા જોશીલો ઝાલાવાડી રે મણીયાર

ઓતર દીશાથી મણીયારો હાલીયો
બાયુ ઈતો ઉતર્યો રે અમારા ઝાલાવાડા

મણીયારડાં...

પેલો રે ઉતારો હરીયા બાગમાં
બાપુ એનો બીજો રે ઉતારો ગઢની રાંગ

મણીયારડાં...

જુનારે ગઢેથી પોઠીડા પલાણીયા
બાયુ ઈ તો ઉતર્યા રે અમારે ઝાલાવાડ

મણીયારડાં...

## માધાવાવ

બાર બાર વરસે નવાણ ગળાવિયાં,
નવાણે નીર નો આવ્યા જી રે !
તેડાવો જાણતલ તેડાવો જોશી,
જોશીડા જોશ જોવરાવો જી રે !
જાણતલ જોશીડો એમ કરી બોલ્યો,
દીકરો ને વહુ પધરાવો જી રે !
ઘોડલા ખેલવતાં વીર રે અભેસંગ
દાદાજી બોલાવે જી રે !
શું રે કો' છો મારા સતરથ દાદા ?
શા કાજે બોલાવે જી રે !
જીણતલ જોશીડો એમ કરી બોલ્યો
દીકરો ને વહુ પધરાવો જી રે !
એમાં તે શું મારા, સમરથ દાદા
પારકી જણીને પૂછી આવો જી રે.
બેટડો ધવરાવતાં વહુ રે વાઘેલી વહું !
સાસુજી બોલાવે જી રે !
શું કો' છો મારા સમરથ સાસુ !
શાં કાંજે બોલાવ્યા જી રે
જાણતલ જોશીડો એમ કરી બોલ્યો
દીકરોને વહુ પધરાવો જી રે !!!!!

કાઠિયાવાડની ઘીંગી ધરાનું દ્વાર ઝાલાવાડ અડીખમ છે,
આવી જુઓ, ઝાલાવડીઓ ખમીરવંતા બહુ કેમ છે ?

દેવ દેવીની આ છે ભોમકા, કૈંક થયા શૂરા નર બંકા,
આ ધરતીના સહુ લોકમાં દયા-ધરમ ને દાન-પ્રેમ છે, આવી જુઓ...

ઊંચા, આસરને મા-ચામુંડા, છે ઝરિયા મહાદેવના ઝરા,
સૂરજ દેવળ તરણેતર જેવા દેવોની અહી રહેમ છે, આવી જુઓ...

વર્ધમાનની નગરી વઢવાણ, પીર ગેબનશા પ્રથમ રોકામ,
સારસ્વતોને વહીવંચા પર મા શારદનો બહુ પ્રેમ છે, આવી જુઓ...

ઊંચે ઓટલે શ્રેષ્ઠીના થડા, મસ્જિદ આગળ નામ છે પાડા,
રાણકના મંદિરે બારી ગઢની રાંગે હેમખેમ છે. આવી જુઓ...

લૂણ પકવે રણ ખારાઘોડા, જ્યાં મળતાં ઘૂડખર બહુ નમણાં,
અજરામરની ગાદીના જ્યાં સદા વરસાત હેત-પ્રેમ છે, આવી જુઓ...

મૂળી ગામે છે માંડવરાયજી, માધાવાવની પુરાણી વાવડી,
મલકી મમતાળા માનવનો આ ધરતી પર સદા પ્રેમ છે, આવી જુઓ...

અહીં કન્યા વિકાસ વિદ્યાલય, કેળવણીના છે બીજા મહાલય
તબીબી મહાવિદ્યાલયનું આ મલકમાં વડુ નામ છે, આવી જુઓ...

રાજચંદ્રનો આશ્રમ સાયલા, લાલ બાપુની જગ્યા પર અહી
કરજોડી ઈન્સાન કહે છે, મહાવીરની અહીં સદા રહેમ છે. આવી જુઓ...

# બાપાની પીંપર વિષે કથાંતર અથવા ફારસ

### કૂંડળિયા છંદ

" વિચરીએ વઢવાણથી, લીધો લીંબડી પંથ;
" વિતક વરણવતાં વધે,. ગ્રીષમ વરણન ગ્રંથ;
" ગ્રીષમ વર્ણન ગ્રંથ, પંથમાં ન મળ્યું પાણી;
" તથ્યો પ્રલય રામ તાપ, રહી શિર રામ કહાણી;
" દાખે દલપતરામ, રામનું રટણ કરીને;
" અતિશય કર્યા ઉચાટ, વાટ મધ્યે વિચરીને. ૬૬
" લગભગ આવી લીંબડી, દોઢ ગાઉ પર દૂર;
" ત્યાં તો ધોમ ધખ્યો ઘણો, ન રહ્યું તનમાં નૂર;
" ન રહ્યું તનમાં નૂર, સૂરજે શરીર તપાવ્યું.
" છાંયો ન મળે છેક, એક પણ ઝાડ ન આવ્યું;
" દાખે દલપતરામ, ભલી જોતાં મન ભાવી;
" પીંપર બાપાતણી, લીંબડી લગભગ આવી. ૬૭
" બાપાની પીંપર બડી, પૃથવી પર પ્રખ્યાત;
" પ્રસિદ્ધ જેવો પ્રાગવડ, વિશ્વ વખાણે વાત;
" વિશ્વ વખાણે વાત, પીંપળો પ્રભાસ પાસે;
" કદંબ જમુના ફૂલ, કલ્પતરુઓ કૈલાસે;
" દાખે દલપતરામ, ઉપમા એ આપ્યાની;
" ભલે થઈ ભૂમાંહિ, બડી પીંપર બાપાની. ૬૮
" ત્યાં બેસીને ત્રણ ઘડી, કવિએ કર્યો વિરામ;.
" અતિ સુખ ઉપજ્યું એ થકી, આશીષ દીધી આમ;
" આશિષ દીધી આમ, નામ તુજ નવ જુગ રહેજો;
" તુજને વાવી તેહ, લાખ સુખ સ્વર્ગે લેજો;
" દાખે દલપતરામ, પરમ પદમાં પેશીને;
" લેજો ઉત્તમ લ્હાણ, બહુ જુગ ત્યાં બેશીને. ૬૯
" આંબા કરતાં અતિ ભલું, દીસે તારું ડોળ,
" શેલડી શા હિસાબમાં, આપે સાકર ગોળ;
" આપે સાકર ગોળ, તાપ તનનો ન મટાડે;
" સુરતરુ સ્વર્ગે વસે, ન દેખે નર કોઈ દહાડે;
" દાખે દલપતરામ, સરવ તરુના ગુણ સ્મરતાં;
" તુજમાં અમૃત તત્ત્વ, અધિક તું આંબા કરતાં. ૭૦


N
PATAN
MAHESANA
Bechraji
Visnagar
Adriyana
Vachhrajpura
Vanod
Panwa
Jhinjhuvada
Vadgam
Visavadi
Dasada
Mandal
LITTLE RANN OF KACHCHH
Zainabad
Kharaghoda
Ambala
Patdi(Dasada)
Wild Ass Sanctuary
Upariyala
Jhund
Viramgam
Tikar
Malaniad
Kuda
Malwan
Thala
Bajana
Nava Sadla
Mayurnagar
Kankavati
Jatpipli
Devliya
Halvad
Saladi
Vasadwa
Akhiyana
Rajpur
Hebatpur
Malwan
Vithalgadh
Ghanshampur
Chuli
Dhrangadhra
Dudhapur
Methan
Kherva
Dhanki
Kadiyana
Dhavan
Dervala
AHMEDABAD
Charadva
Kondh
Gajanvav
Raj Sitapur
Bala Rd.
Lakhtar
Bhalala
Chitrodi
Mota Ankevalia
Velavadar
Talvani
Mathak
Rampur
Dudhrej
Kotuda
Rajpar
Ranagadh
Sara
Talsan
Fulwadi
Sanla
SURENDRANAGAR (WADHWAN)
Tikar
Digsar
Jambu
Parnala
Ranipat
Ramparda
Wadhwan
Kholadiad
Gedi
Wankaner
Jarnetar
Vagadiya
Muli
Munjpur
Samla
Ralol
Lakhamachi
Umarda
Fulgram
Gomta
Limbdi
8A
Tokrala
Than
Bhogavo
Balol
Surajdeval
Sayla
Borna
Limdino
Chuda
Bhrugupur
Kamalpar
RAJKOT
Dhurej
8A
Bamanbore
Chotila
Sejakpar
Sudamda
Chokdi
Chhalala
Kantharya
Dhandhuka
Moti Moldi
Piyava
Ranpur
Sukh Bhadar
Dhandhalpur
Deroi
Nagnesh
Rajpara
Sanosara
Mevasa
Dhajala
AHMEDABAD
Fulzar
Bhojpari
Chobari
Anandpur
Nana Matra
Botad
Barwala
RAJKOT
BHAVNAGAR
Map Not To Scale
Copyright @ 2011 indiamapssite.com
INDIAMAPSSITE.COM
LEGEND
INTERNATIONAL BOUNDARY
STATE BOUN.
DISTRICT BOUN.
TALUK BOUN.
GOLDEN QUADRILATERAL
EAST-WEST CORRIDORS
NATIONAL HIGHWAY
STATE HIGHWAY
OTHER ROAD
RAILWAY
STATE CAPITAL
DISTRICT HEADQUARTERS
TALUK HEADQUARTERS
OTHER TOWN
AIRPORT
MINOR SEA PORT
MAJOR SEA PORT
TRAVELLERS BUNGALOW
HOT SPRING
WILDLIFE SANCTUARY
TOURIST PLACE
HILL RESORT
BEACHES
HISTORICAL PLACE
HANDICRAFT
PILGRIM CENTRE
INDUSTRIAL CENTRE
HOLIDAY RESORTS

: વિશેષ નોંધ :